| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૩૦ | ૦૫ | ૨૦૨૪ |
| દાખલ તારીખ : | ૩૦ | ૦૫ | ૨૦૨૪ |
| ફેસલ તારીખ : | ૧૮ | ૦૩ | ૨૦૨૫ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૧૯ | ૦૯ | ૦૧ |

# મે.જુનાગઢ મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ.જુનાગઢ

**રેફરન્સ (ટી) કેસ નં.૨૨/૨૦૨૪**
**આંક: પર**

**પ્રથમ પક્ષકારો : –** ૧) મેનેજરશ્રી, ધી.કો. ઓપરેટીવ બેન્ક રાજકોટ લી.,
મલ્ટી સ્ટેટ કો. ઓપ. બેન્ક. (કેશોદ બ્રાન્ચ),
ચોવટીયા વાડી, આસ્થા હોસ્પિટલ સામે,
જુનાગઢ વેરાવળ રોડ, કેશોદ.

૨) ચીફ એકઝીકયુટીવ ઓફીસરશ્રી,
ધી.કો.ઓપરેટીવ બેન્ક ઓફ રાજકોટ લી.,
સહકાર સરિતા, પંચનાથ રોડ,
રાજકોટ.

**– : વિરુધ્ધ : –**

**બીજા પક્ષકાર : –** ઈસરાની જયદીપ અબાદાન,
આ.સી.પાર્ક (ઈએફજી), વિંગ–બી(એફ) ફલેટ નં.૩૦૧,
ત્રીજો માળ, શ્યામ નગર મેઈન રોડ,
ગણેશ પાન નજીક, ગાંધીગ્રામ, રાજકોટ.

પ્રથમ પક્ષકારો તરફે:– : વિ. વકીલ શ્રી એમ. એમ. તન્ના
બીજા પક્ષકાર તરફે:– : વિ.વકીલ શ્રી એ.કે.સોલંકી

## – : : એ વો ર્ડ : : –

(૧) ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી. એકટની કલમ–૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, જુનાગઢનાએ તેમનાં હુકમ ક્રમાંક નં:કે.એચ./એસ.એચ.એમ.સી./આઈ.ડી.આર/મશ્રઆ/જુના/૦૭/૨૦૨૪, તા.૨૨/૦૫/૨૦૨૪ થી મજુર અદાલત, જુનાગઢને ન્યાય નિર્ણય અર્થે અરજદાર ને પડેલ રોજ ભરપાઈ કરી મુળ જગ્યાએ સળંગ સર્વિસથી તમામ અનુસંગિક લાભો સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તે અર્થે રીફર કરેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી **સામાવાળાઓ** તરીકે અને બીજા પક્ષકારાને **અરજદાર** તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામે આંક–૧૨ થી અરજદાર તરફે માંગણાનુ નિવેદન રજુ થયેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર આ કામના સામાવાળા નં.૨ ની સીધી દેખરેખ હેઠળ સામાવાળા નં.૧ માં આસીસ્ટન્ટ તરીકે ઘણા લાંબા સમયથી ફરજ બજાવતા હતા અને સામાવાળા નં.૨ દ્વારા તા.૪/૨/૨૦૧૪ ના રોજ જાહેરાતના અનુસંધાને લેખીત પરીક્ષા તેમજ મૌખીક ઈન્ટરવ્યુમાં ઉર્તિણ થઈ તા.૨૧/૩/૨૦૧૪ નારોજ થી ટ્રેઈની તરીકે નિમણુક આપવામાં આવેલ હતી. ટ્રેનીગ સમય દરમ્યાન તેમની કામગીરીની સમીક્ષા થયેલ અને સંતોષકારક જણાતા તેઓને ટ્રેઈની માંથી પ્રોબેશન ઉપર પંચનાથ રોડ, રાજકોટ ખાતે તા.૧/૪/૨૦૨૫ થી ૩૧/૩/૨૦૧૬ સુધી આસીસ્ટન્ટ તરીકે નિમણુંક આપવામાં આવેલ ત્યારબાદ તેઓ રાજકોટ મુખ્ય શાખા ખાતે નિમુંણક પામી તા.૨૧/૬/૨૦૧૪ થી સતત અને સળંગ ફરજ બજાવેલ છે. વધુમાં અરજદારને કયારેય નોટીસ, મેમો કે ઠપકો આપવામાં આવેલ નથી અરજદારને સામાવાળાઓએ માનસીક અને આર્થિક રીતે ભાંગી નાખવાના એકમાત્ર ઈરાદાથી તા.૨૧/૧૨/૨૦૨૧ નારોજ ખોટી અને ઉપજાવી કાઢેલ નોટીસ આપેલ અને અરજદાર ધ્વારા તા.૧૦/૩/૨૦૨૨ નારોજ લેખીત ખુલાસો આપેલ અને જરૂરી સારવારના કાગળો તેમજ ભરત અમરસિંહ ચાવડા સાથે થયેલ સમાધાનની નકલ મોકલી આપેલ હતી. તેમજ તા.૨૦/૫/૨૦૨૨ નારોજ ખોટા આક્ષેપો વાળુ ચાર્જશીટ યાને આરોપનામુ આપેલ. આ ચાર્જશીટમાં ખુલાસો મેળવવાના બદલે ચાર્જશીટમાં જ તેમની સામે ખાતાકીય તપાસ કરવાનુ જણાવવામાં આવેલ અને ખાતાકીય તપાસમાં તેઓને બચાવની કોઈ તક આપવામાં આવેલ ન હતી. વધુમાં આ ખાતાકીય તપાસ બેંકના પેનલ એડવોકેટ દ્વારા ચલાવવામાં આવેલ. આમ તેઓને બચાવની તક આપ્યા વગર ચાર્જશીટને લગત ન હોય તેવા દસ્તાવેજો ખાતાકીય તપાસ રજુ કરી અને અરજદારને સેકન્ડ શો કોઝ નોટીસ મોકલવામાં આવેલ જેનો લેખીત જવાબ રજુ કરેલ પરંતુ સામાવાળાઓ તેમની વિરૂધ્ધ પ્રીઝયુડાઈઝ અને બાયસ માઈન્ડ

ધરાવતા અને તેઓને છુટા કરવાનુ મન બનાવી લીધેલ હોય તે રીતે તેમનો વિગતવારનો ખુલાસો ધ્યાને લીધેલ નહી અને તેઓને તા.૩૧/૩/૨૩ નારોજ નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ છે. વધુમાં તા.૨૨/૫/૨૦૨૨ ની ચાર્જશીટ આપવામાં આવેલ છે જેમા આક્ષેપોમાં જણાવેલ છે કે, તા.૬/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૨/૨૦૨૫ દરમ્યાન ૪૬ દિવસ માટે ઉપરી અધિકારીની મંજુરી વગર બીન અધિકૃત રીતે ફરજ ઉપરથી ગેરહાજર રહેવા અંગેનો આક્ષેપ જણાવેલ છે. તેઓની લાંબી નોકરી દરમ્યાન તેઓ કયોરચ પણ પુર્વ મંજુરી વગર કે બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેલ નથી. પરંતુ આ સમયગાળા દરમ્યાન તેમના પત્નીને અચાનક છાતીમાં દુખાવો થતા અને હૃદયની તકલીફ પડતા રાજકોટની સીનર્જી હોસ્પિટલમાં દાખલ કરવા પડેલ અને આ અંગે બેંકના પંચનાથ બ્રાંચ, રાજકોટના મેનેજરશ્રી અશ્વિનભાઈ કનેરીયાને ટેલીફોનીક જાણ કરી રજા પર ગયેલ. તેઓના પત્નિની હાલત ખુબ જ ગંભીર હતી તેથી ઘરે સારવારમાં સતત હાજર રહેવુ પડતુ હતુ. તે દરમ્યાન આ સમયગાળો કોવિડ–૧૯ ની મહામારીનો સમગાળો હતો. આવા સંજોગો હોવા છતા પણ બેંકમાં હાજર થવા ગયેલ હતા તેમ છતા બેંકના એચ.આર.શ્રી ભીષ્મરાજસિંહ ઝાલાએ તેઓને નોકરીમાં હાજર લેતા ન હતા અને તેઓએ વાંરવાર અનેક વખત હાજર થવા ગયેલ તેમ છતા હાજર લીધેલ નહી. ઉલટાનુ સ્વૈચ્છિક રાજીનામુ આપવા જણાવેલ જે તેઓએ આપેલ નહી. ત્યારબાદ તેઓએ બેંકના સી.ઈ.ઓને યોગ્ય રજુઆત કરતા તેમની રજુઆત ધ્યાને લઈ બેંકના નિયમ મુજબ મૌખીક ઠપકો આપી તેમની બદલી કરી કેશોદ મુકામે તા.૧/૫/૨૦૨૨ થી ફરજ પર લીધેલા અને તેમનો સંપુર્ણ પગાર તેમના એસ.ઓ.ડી.ખાતામાં જમા આપવામાં આવતો હતો. ખરી હકીકતમાં તેઓને ફરજ પર લેવામાં આવતા ન હતા. આમ તેમના પર ગેરહાજરી અંગેનો ચાર્જ સદંતર ખોટો છે અને ખાતાકીય તપાસમાં તેમની રજુઆત કે સંસ્થાના સાક્ષીઓની ઉલટતપાસને ધ્યાને લેવામાં આવેલ નથી. આમ તેઓને બરતરફ કરવાનુ પગલુ ગેરકાયદેસર ઠરે છે. તેઓના પિતાશ્રી નોકરીમાંથી નિવૃત થયેલ છે અને આ સમગાળા દરમ્યાન તેમના પત્નીને હૃદયની ગંભીર બિમારી થતા હોસ્પિટલનો ખુબ જ મોટો ખર્ચ

આવેલ તેમના માતા–પિતાની તબીયત સારી રહેતી ન હોય કુંટબના તમામ પરીવારની ભરણ પોષણની જવાબદારી તેઓ એક પર હોય અચાનક આવી પડેલ દવાખાનાના મોોટા ખર્ચાની વ્યવસ્થા કરવા તથા પરીવારના સભ્યોની જતન કરવા તેઓ માનસીક અને આર્થિક તંગીની હાલતમાં આવી ગયેલ હતા તેમ છતા ફરજ ઉપર આવતા તેઓને ફરજ ઉપર હાજર લેવામાં આવેલ નથી. વધુમાં આરોપ મુકવામાં આવેલ જે આરોપ સંપુર્ણપણે ખોટા અને પાયાવિહોણા છે ખરી હકીકતે તેઓએ તેમની નોકરી દરમ્યાન બેંકમાં કે તેમની ફરજમાં કોઈપણ પ્રકારનુ છેતરપીંડી કે અધ: પતનવાળુ કૃત્ય કરેલ નથી. તેઓએ ભરતભાઈ પાસેથી ઈકો કાર ખરીદ કરેલ તે કામ તેઓએ લોનથી લીધેલ હતી અને હપ્તા ભરવા બાબતે ગેર સમજ થયેલ અને જેબાબતે પડધરી પોલીસ સ્ટેશનમાં માત્ર અરજી કરેલ હતી જે અરજદાર ભરતભાઈ સાથે વાત થતા તા.૩/૧/૨૦૨૨ નારોજ સમાધાન થઈ ગયેલ છે. અને તે હકીકતમાં પત્ર તેઓને વિના કારણે હેરાન કરવા કરેલ છે. વધુમાં સંસ્થામાં સી.સી.ટી.વી કેમેરાથી સજ્જ છે અને ભરત અમરસિંહ ચાવડા ઉઘરાણી કરવા બેંકમાં આવતા હોય તેવો કોઈ પુરાવો ખાતાકીય તપાસમાં રજુ રાખેલ નથી. ફકત અનુમાનના આધારે તપાસનીસ અકિારીએ આરોપ સાબીત માનેલ છે. જેથી તપાસનીસ અધિકારીના તારણો પરવર્શ હતા અને છે તે આધારે કરવામાં આવેલ બરતરફ કરવાનુ પગલુ ગેરકાયદેસર છે. આમ તેમની વિરૂધ્ધ કરવામાં આવેલ નૈતિક અધ:પતનના આક્ષેપો સંસ્થા પુરવાર કરી શકેલ નથી. વધુમાં તેઓએ સંસ્થાને તા.૧૭/૬/૨૦૨૨ નારોજથી લેખીત રજુઆત આપેલ જ છે તે મુજબ તેઓએ બેંકમાંથી હાઉસીંગ લોન લીધેલ છે તે ખરૂ છે અને ચાર માસથી ફરજમાં ન લેતા અને તેમનો પગાર ન થતા બેંકના હપ્તા ભરાયેલ નથી અને અમુક હપ્તા ચડી જતા તેમની લોન એન.પી.એ. થયેલ ત્યારબાદ સામાવાળા ધ્વારા તેઓને તેમની ગેરહાજરી સબબ ટ્રાન્સફરની પનીશમેન્ટ આપી તેઓને એપ્રિલ–૨૦૨૨ થી કેશોદ શાખામાં ટ્રાન્સફર કરેલ ત્યારબાદથી લોનનો હપ્તો પગારમાંથી કપાત થતો હતો. જે ચાર હપ્તા પડત થયેલ રૂા.૨,૦૦,૦૦૦/– નુ એસ.ઓ.ડી. હતુ જે તમામ વ્યાજ સહીતની લોનની રકમ

તા.૩૧/૦૩/૨૦૨૩ નારોજથી ભરપાઈ થયેલ છે. આમ જયારે એક વખત સજા કરવામાં આવેલ હોય તે જ બાબતે ફરીથી છુટા કરવાની સજા થઈ શકતી નથી. તેમની સામે કીન્નાખોરી રાખી ખાતાકીય તપાસ રાજકોટ મુકામે રાખવામાં આવેલ દર મુદતે રાજકોટ મુકામે હાજર રહેતા પરંતુ તેઓને કેશોદથી રાજકોટ મુકામે કોઈ ભથ્થુ ચુકવવામાં આવેલ ન હતુ જે મેળવવા હકકદાર છે. વધુમાં અરજદારને બરતરફ કરતા તેઓએ વકીલ મારફતે સામાવાળાઓને તા.૪/૫/૨૦૨૩ નારોજ નોકરીમાં પુન:સ્થાપિત થવા અંગેની નોટીસ રજી.એડી.થી મોકલી આપેલ હતી જેનો સામાવાળાએ તા.૯/૬/૨૩ નારોજ ખોટો અને ઉડાઉ જવાબ આપી પુન:સ્થાપિત થવાની જવાબદારીમાંથી છટકી જવાના એકમાત્ર હેતુથી ખોટી હકીકતો જણાવી પાઠવેલ છે. આમ સામાવાળાઓએ નોકરીમાંથી બરતરફ કર્યા બાદ નોકરીમાં પુન:સ્થાપિત કર્યાની ફરીયાદ નાયબ શ્રમ આયુકત શ્રી જુનાગઢસમક્ષ કરેલ હતી જેમા સામાવાળાઓને જકકી વલણના કારણે સમાધાન શકય બનેલ નહી અને આ રેફરન્સ નામદાર કોર્ટસમક્ષ ન્યાય અર્થે આવેલ છે.

સબબ હાલની અરજી કરી દાદ માંગેલ છે કે,

(અ) સામાવાળા દ્વારા તા.૨૦/૫/૨૨ નારોજ આપવામાં આવેલ પ્રિમાઈન્ડેડ ચાર્જશીટ, ચાર્જશીટ અનુસંધાને થયેલ ગેરકાયદેસર ખાતાકીય તપાસ અને ગેરકાયદેસર ખાતાકીય તપાસના અંતે આપવામાં આવેલ તપાસનીસ અધિકારીના તારણો પરવર્શ અને બેડ ઈન લો હોવાથી તે પરવર્શ તારણોના આધારે આપવામાં આવેલ બરતરફીનો હુકમ રદ કરી પડેલ રોજના પુરેપુરા પગાર સાથે મળવાપાત્ર તમામ લાભાલાભો સહીત સળંગ નોકરીથી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરે તેવી અરજ છે.

(બી) નામદાર કોર્ટને યોગ્ય લાગે તે દાદ કે દાદો અપાવવા અરજ છે.

(સી) આ કામના સામાવાળાઓ અરજદારને રેફરન્સ ખર્ચના રૂા.૨૧,૦૦૦/- પણ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ છે.

(ડી) આ માંગણા નિવેદનમાં જણાવેલ તમામ હકીકતો તેમજ હવે પછી જે રજુ કરવામાં

આવે તે દસ્તાવેજો ધ્યાને લઈ તેમનો રેફરન્સ મંજુર કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે સામાવાળાઓને ધોરણસરની નોટીસ બજી જતા આંક–૧૯ થી અરજદારના માંગણાના નિવેદનનો સામાવાળાઓએ લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારે નિવેદનના પારા–૧ થી ૧૬ માં જણાવેલ તમામ વિધાનો અને આક્ષેપો ખરા ન હોય ગેરમાર્ગે દોરનારા હોય આથી તે સર્વેનો સ્પષ્ટપણે ઈન્કાર કરે છે તે જરા પણ કબુલ રાખવામાં આવતા નથી. ખરી હકીકતે જણાવેલ છે કે, આ કર્મચારી બેંકમાં આસીસ્ટન્ટ તરીકે તા.૧/૪/૨૦૨૪ થી ફરજ બજાવતા હતા તે વાત ખરી છે તેમની કામગીરી સંતોષકારક હતી તે હકીકતો ખરી નથી તેમની નોકરી દરમ્યાન અવાર–નવાર ફરીયાદો આવતી હતી તેને બેંક ધ્વારા અવાર–નવાર મૌખીક સુચના આપી કામગીરીમાં સુધારો કરવાની તકો આપેલ હતી. બેંક ધ્વારા તેમની તરફ કયારેય કોઈ કીન્નાખોરી રાખી કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી ઉલટાનુ કામમાં સુધારો કરવાની અવાર–નવાર તકો આપવામાં આવેલ છે. બેંક ધ્વારા આ કર્મચારીને તેમની કામગીરીની અનેક ફરીયાદો આવતા અને તેમણે ગેરવર્તણુકો કરતા, ન છુટકે આ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની ફરજ પડેલ છે અને તે માટે તેમને પ્રથમ તારીખ ૨૦/૫/૨૦૨૨ નુ ચાર્જશીટ આપવામાં આવેલ જે ચાર્જશીટનો તેમને ૨૬/૬/૨૦૨૨ નારોજ જવાબ આપેલ જે જવાબમાં તેમનો ખુલાસો સંતોષકારક ન જણાતા તેમને બચાવની પુરતી તકો મળી રહે તે હેતુ થી બેંક બહારના તટસ્થ વ્યકતી તરીકે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા પરાગ એમ વોરા અડેવોકેટને તપાસ સોંપવામાં આવેલ અને બેંક વતી પ્રેઝન્ટીંગ ઓફીસર તરીકે શ્રી એમ.એમ.તન્ના એડવોકેટ હાજર રહેલ અને કર્મચારીને પણ બચાવ માટે વકીલ રોકવાની છુટ આપવામાં આવેલ અને તેમના બચાવના પ્રતિનિધી તરીકે શ્રી હર્ષદભાઈ એલ.બારૈયા ઓડવોકેટને રાખવામાં આવેલ જેમણે હાજર રહી બચાવ રજુ કરેલ જે માટે તેમને પુરતી તકો આપેલ અને તેમણે પુરતી રજુઆતો કરેલ. ખાતાકીય તપાસની કુલ આશરે ૧૮ બેઠકો રાખવામાં આવેલ. તા.૧૨/૮/૨૦૨૨ થી તા.૨૦/૨/૨૦૨૩ સુધી તપાસ કાર્યવાહી ચાલેલ જેમા તેમના પ્રતિનિધી ધ્વારા

દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. બેંક પાસેથી માંગવામાં આવેલ, બેંકના સાક્ષીઓ તપાસવામાં આવેલ તેમની ઉલટતપાસ કરવાની તકો આપવામાં આવેલ, કર્મચારીને પણ સાક્ષી તપાસવાની છુટ આપવામાં આવેલ તેમના ધ્વારા પુરાવાઓ પુર્ણ કર્યા બાદ ખાતાકીય તપાસની કાર્યવાહીનુ તારણ આપવામાં આવતા તેમને સેકન્ડ શો–કોઝ નોટીસ આપવામાં આવેલ તેનો તેમના ધ્વારા જવાબ આપવામાં આવેલ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ તેમને કાયદેસર રીતે નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ. આમ તેમની સામે કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવામાં આવેલ અને ગુન્હાના પ્રમાણમાં વાજબી અને ન્યાયી સજા કરવામાં આવેલ છે. જે ખાતાકીય તપાસના પેપર્સ આ કામે અલગથી દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે. આ કેસમાં વકીલ તરીકે તપાસનીશ અધિકારીને રાખવાથી કોઈ જ પ્રિજયુડાઈસ સાબીત થતુ નથી. પરાગ વોરા ઉપરાંત એમ.એમ.તન્ના પણ આ કેસમાં રેકર્ડ ઉપર એડવોકેટ તરીકે છે અને એડવોકેટને રાખવાથી કેસના મેરીટસને કોઈ અસર પડતી નથી. જેથી કર્મચારીની આવી રજુઆતો ગેરકાયદેસર છે અને ટકવાપાત્ર નથી. વધુમાં આ અરજદાર સામે કાયદેસરની કાર્યવાહી કરી અને તેમને સજા કરવામાં આવેલ હોય તે સજા ગુન્હાના પ્રમાણમાં બરાબર હોય તેમા હસ્તક્ષેપ કરવાની નામદારને સતા નથી. મેનેજમેન્ટ ધ્વારા બેંકના હીતમાં લેવાયેલ સજાના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની નામ.કોર્ટને સતા નથી. વધુમાં ખાતાકીય તપાસની વેલીડીટી અને લીગાલીટીને અરજદાર ચેલેન્જ કરતા હોય ખાતાકીય તપાસનો મુદો પ્રથમ નકકી કરી આપી તે અંગે યોગ્ય હુકમ કરવા તેમની રજુઆત છે. જો અરજદાર આ ખાતાકીય તપાસની કાર્યવાહીને ચેલેન્જ કરતા હોય તેઓને ખાતાકીય તપાસની વેલીડીટી અંગે સાક્ષી પુરાવાઓ રજુ કરવાની તક આપવા અરજ છે. તેમજ જો નામદાર તેમની ખાતાકીય તપાસને ગેરકાયદેસર ઠરાવો તો તેઓને સાક્ષી પુરાવાઓ તપાસી ગુન્હાની યથાર્થતા ઠરાવવા કુપર એન્જીનીયરના નામદાર ઉચ્ચ આદલતના જજમેન્ટને આધારે તક આપવા અરજ કરેલ છે. વધુમાં આ અરજદારને છુટા કર્યા બાદ તેઓ ગેઈનફુલી એમ્પલોઈડ છે અને અન્ય જગ્યાએ કામ કરી અને આવક મેળવે છે.

(૫) અરજદાર તરફે નીચે મુજબના મૌખીક – દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**અરજદાર તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર ઈસરા જયદીપ અબાદાનનું સરતપાસનુ સોગંદનામુ. | ૨૫ |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | સામાવાળા નં.૧ મુ. કેશોદ ને અરજદારે મોકલેલ માંગણા નિવેદનની પોસ્ટની સ્લીપ અસલ. | ૨૯ |
| ૨ | સામાવાળા નં.૨ને અરજદારે મોકલેલ માંગણા નિવેદનની પોસ્ટની સ્લીપ અસલ. | ૩૦ |
| ૩ | સામવાળા નં.૧ ને પોસ્ટ ધ્વારા મોકલેલ માંગણા નિવેદનની મળી ગયાની એકનોલોજમેન્ટ. | ૩૧ |
| ૪ | સામવાળા નં.૧ ને પોસ્ટ ધ્વારા મોકલેલ માંગણા નિવેદનની મળી ગયાની એકનોલોજમેન્ટ. | ૩૨ |
| ૫ | સામાવાળા નં.૧ ને પોસ્ટ ધ્વારા મોકલેલ દસ્તાવેજો રજુ કરવા અરજી મોકલેલ પોસ્ટની રસીદ. | ૩૩ |
| ૬ | સામાવાળા નં.૨ ને પોસ્ટ ધ્વારા મોકલેલ દસ્તાવેજો રજુ કરવા અરજી મોકલેલ પોસ્ટની રસીદ. | ૩૪ |
| ૭ | સામાવાળા નં.૧ ને પોસ્ટ ધ્વારા મોકલેલ દસ્તાવેજો રજુ કરવા અરજી મોકલેલ પોસ્ટની મળી ગયાની એકનોલોજમેન્ટ. | ૩૫ |
| ૮ | સામાવાળા નં.૨ ને પોસ્ટ ધ્વારા મોકલેલ દસ્તાવેજો રજુ કરવા અરજી મોકલેલ પોસ્ટની મળી ગયાની એકનોલોજમેન્ટ. | ૩૬ |
| ૯ | સામાવાળાઓને મોકલેલ પુન:સ્થાપિતની નોટીસની નકલ. | ૩૯/૧ |
| ૧૦ | સામાવાળાઓને પુન:સ્થાપિતની નોટીસની મોકલ્યાની પોસ્ટ રસીદની નકલ. | ૩૯/૨ |
| ૧૧ | સામાવાળાઓને પુન:સ્થાપિતની નોટીસની મળ્યાની પોસ્ટ એકનોલેજમેન્ટની નકલ. | ૩૯/૩ |

(૬) અરજદાર તરફે આંક – ૪૦ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૭) સામાવાળાઓ તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

## સામાવાળાઓ તરફે મૌખીક પુરાવો

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળાઓ તરફે સાહેદશ્રી ભીષ્મરાજસિંહ ભવતુભા ઝાલાનું સરતપાસનું સોગંદનામુ | ૪૬ |

## સામાવાળાઓ તરફે રજુ દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | ખાતાકીય તપાસની કાર્યવાહીના પ્રોસીડીંગ્સની નકલ. | ૨૦/૧, ૩૭ |
| ૨ | ખાતાકીય તપાસમાં રજુ થયેલ દસ્તાવેજોની નકલ. | ૨૦/૨, ૩૮ |
| ૩ | ખાતાકીય તપાસનુ તારણની નકલ. | ૨૦/૩ |
| ૪ | સેકન્ડ શો કોઝ નોટીસની નકલ. | ૨૦/૪ |
| ૫ | કર્મચારીએ આપેલ જવાબની નકલ. | ૨૦/૫ |
| ૬ | બરતરફીના હુકમની નકલ. | ૨૦/૬ |
| ૭ | અરજદારને ચુકવાયેલ પગારની સ્લીપોની નકલ. | ૪૧/૧ થી ૪૧/૩ |
| ૮ | સામાવાળા સાક્ષી ભિષ્મરાજસિંહ ભવતુભા ઝાલાના આધારકાર્ડની નકલ. | ૪૭/૧ |
| ૯ | સામાવાળા સાક્ષી ભિષ્મરાજસિંહ ભવતુભા ઝાલાને સંસ્થા દ્વારા સદરહુ કેસમાં જુબાની આપવા આપેલ નિમણુંક પત્રની નકલ. | ૪૭/૨ |
| ૧૦ | સામાવાળા સાક્ષી ભિષ્મરાજસિંહ ભવતુભાઈ ઝાલાનુ સંસ્થાનુ ઓળખકાર્ડની નકલ. | ૪૭/૩ |

(૮) સામાવાળા તરફે આંક–૪૮ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે

(૯) ત્યારબાદ અરજદાર તરફે વિ.વ.શ્રી દ્વારા આંક–૪૯ થી લેખીત દલીલ રજુ તેના સમર્થનમાં નામ. ગુજરાત હાઈકોર્ટ એ.એલ.જે. ૧૯૯૭ પાના નં.૮૯૭, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિ. જમનાદાસ મોહનલાલ મોદનનો રજુ કરેલ

છે. જે સામે સામાવાળા તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક–૫૦ દલીલ કરી તેના સમર્થનમાં અલગ અલગ સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ નીચે મુજબ રજુ કરેલ છે જે વંચાણે લીધા.

(૧) કે.પ્રેમરાજ વિ. મેનેજીંગ ડાયરેકટર, કેરાલા હાઈકોર્ટ.

(૨) ધ મેનેજમેન્ટ ઓફ ચેમ્પલાસ્ટ સલમાર લીમીટેડ, મદ્રાસ વિ. પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સાલેમ, ૨૨–૮–૨૦૦૮.

(૩) ૨૦૦૪, એલ.એલ.આર. પેઈઝ નં. ૩૩૧, નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા.

ઉપરોકત બંને પક્ષકારોની દલીલ અને ચુકાદાઓને પુનરાવર્તન ટાળવાના શુભ આશ્યથી સદર દલીલ અને ચુકાદાઓને કારણોની ચર્ચામાં જરૂર પડયે આવરી લેવામાં આવશે.

**(૧૦)** આ કામે ઉપરોકત પક્ષકારોના પક્ષ નિવેદનો રજુ મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ, દલીલો લક્ષમાં લેતા, આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

**(૧)** શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાએ તેઓની સામે કરેલ ખાતાકીય તપાસ ખોટી રીતે કરી, ખોટી રીતે તેઓને નોકરીમાંથી બરતરફ કરેલ છે ?

**(૨)** શું આ કામના અરજદાર પુરવાર કરે છે કે, તેઓ મદદનીશ શ્રમ આયુકતશ્રી કચેરીની અનુસુચિ મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા કે તેઓએ માંગેલ અન્ય દાદ મેળવવા હકકદાર છે ?

**(૩)** શું હુકમ?

**(૧૧)** ઉપરોકત મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

(૧) **'નકારમાં.'**

(૨) **'નકારમાં.'**

(૩) **'આખરી હુકમ મુજબ'**

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

## -:કારણો:-

**(૧૨) મુદા નં.૧ ની ચર્ચા:-**

સદર મુદા સબંધે અરજદાર ધ્વારા આંક-૨૫ થી લેખીત સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ તેના આંક-૧૨ના માંગણા નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો આપવા પ્રયત્ન કરેલ છે. જે સામે સામાવાળ ધ્વારા અરજદારની ઉલટતપાસ કરતા અરજદાર જણાવે છે કે,'' એ વાત ખરી છે કે કામ પર ગેરહાજર રહેતા સંસ્થાએ ચાર્જસીટ આપેલી. એ વાત ખરી નથી કે મને સંસ્થાએ મેમો આપેલો. એ વાત ખરી છે કે ચાર્જસીટ અનુસંધાને મે સંસ્થાને જવાબ મોકલેલ છે. એ વાત ખરી છે કે મે મોકલેલો જવાબ બેંકને સંતોષ કારક ન લાગતા તેમણે મારી સામે ખાતાકીય તપાસ શરુ કરેલી. એ વાત ખરી છે કે આ તપાસમા હું અને મારા પ્રતિનિધી હાજર રહેલા. એ વાત ખરી છે કે આ તપાસ મારી અને મારા પ્રતિનીધીની હાજરીમા તપાસકરનાર અધિકારી દવારા ચલાવવામા આવેલી. એ વાત ખરી છે કે આ તપાસના કામે રજુ થયેલ સંસ્થાના દસ્તાવેજી પુરાવા તથા સાક્ષીના લેખિત સરતપાસની નકલો મને પુરી પાડવામા આવેલી છે. એ વાત ખરી છે કે આ તપાસના મારા દવારા લેખિતમા સરતપાસ રજુ કરવામા આવેલ જેની સંસ્થાના પ્રતિનિધી દવારા ઉલટ તપાસ કરવામા આવેલ છે. એ વાત ખરી છે કે ખાતાકીય તપાસ પુર્ણ થયા બાદ લેખિત દલીલ મારા તથા સંસ્થા દવારા રજુ કરેલ છે. એ વાત ખરી છે કે ખાતાકીય તપાસ પુર્ણ થયા બાદ તેમનુ તારણ રીપોર્ટ સંસ્થા દવારા મને મોકલવામા આવેલ છે. એ વાત ખરી છે કે જે રીપોર્ટ મે વાંચેલ છે. એ વાત ખરી છે કે ત્યારબાદ બેંક દવારા સેકન્ડ શોકોસ નોટીસ મને આપવામા આવેલી. એ વાત ખરી છે કે આ નોટીસનો પણ મે જવાબ આપેલો. એ વાત ખરી છે કે જે જવાબ બેંકને કાયદેસર રીતે યોગય ન લાગતા બેંક દવારા મને છુટા કરવાનો હુકમ કરવામા આવેલ. મને બરતરફ કર્યા ત્યારે હુ બેંકની કેશોદ શાખામા ફરજ બજાવતો હતો. મને છુટા કર્યા ત્યારે મારો પગાર આશરે રૂ.ચાલીસ હજાર ની આસપાસ હતો. હાલ મને ચોકકસ રકમ યાદ નથી. મને છુટો કર્યો તેની તારીખ આશરે ૩૧/૦૩/૨૦૨૪ છે. **એ વાત ની મને ખબર નથી કે મારા પરીવારમા ઈકો નામની ટેકસી છે.** એ વાત ખરી નથી કે હું છુટક ડ્રાઈવીંગ સીવાય પણ

બીજી આવક ધરાવું છું. એ વાત ખરી છે કે હું છુટક ડ્રાઈવીંગ કરીને મારા પરીવારનું ભરણપોષણ કરું છું. **એ વાત ખરી છે કે ખાતાકીય તપાસ મારી સતત ગેર હાજરીના કારણે કરવામા આવેલી.** એ મને હાલ યાદ નથી કે મારી સામે કરેલ ચાર્જસીટમાં કયા કયા આરોપો મુકેલા.''

(૧૩) ત્યારબાદ સામાવાળાઓ ધ્વારા આંક–૪૬ થી સાહેદ ભિષ્મરાજસિંહ ભવતુભાઈ ઝાલાનુ લેખીત સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ તેના આંક–૧૯ ના જવાબની ખરી હકીકતને સમર્થનકારી પુરાવો આપવા પ્રયત્ન કરેલ છે. જે સામે અરજદાર ધ્વારા સાહેદની ઉલટતપાસ કરતા સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તા.૨૦/૦૫/૨૦૨૨ ના રોજ હાલના અરજદારને ચાર્જશીટ આપવામાં આવેલ જે ચાર્જશીટ જુલીબેન નિરવભાઈ સાવલીયા, બેંકના સીઈઓ ધ્વારા આપવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, હુ ઉપરોક્ત હકીકત ખોટી જણાવુ છુ. આ અરજદારને આપવામાં આવેલ ચાર્જશીટ છે જેમા જુલી સાવલિયાના નામ ઉપર કરેલ સહી જુલીબેનની જ છે. એ વાત ખરી છે કે, અરજદાર સામે કરેલ ઈન્કવાયરીમાં ઈન્કવાયરી ઓફીસર પરાગભાઈ વોરા એડવોકેટ હતા. એ વાત ખરી છે કે, જે પરાગભાઈ વોરા એડવોકેટ હાલના કેસમાં અમારા વકીલ તરીકે હાજર રહેલ છે. એ વાત ખરી છે કે, મને બેંક ટ્રન્સફર નિયમની જાણ છે. સવાલ: બેંક ક્યા સંજોગોમાં કર્મચારીની ટ્રાન્સફર કરી શકે છે? જવાબ: બેંકના કામકાજમાં જે પ્રમાણે જરૂરીયાત હોય તે પ્રમાણે ટ્રાન્સફર કરી શકે છે. એ વાતની મને ખબર નથી કે, આ કામે હાલના અરજદારની ટ્રાન્સફર અંગેના આધાર પુરાવા રજુ છે કે નહી. એ વાત ખરી છે કે, મે ઈન્કવાયરીમાં આંક–૪૨ માં મારી જુબાની આપેલ છે. **એ વાત ખરી નથી કે, અમે અરજદારને નોકરી સમય દરમિયાન જેટલી પણ નોટિસ આપેલ છે તે તમામ નો જવાબ અરજદારે આપેલ છે. એ વાત ખરી છે કે, મને અરજદારની ગેરવર્તુણક અંગે ખ્યાલ છે. એ વાત ખરી છે કે, અરજદારે અમે માંગેલ તમામ ગેર વર્તુણક અંગેનો ખુલાસો અમને આપેલ છે.** એ વાત ખરી નથી કે , અરજદાર બે થી ત્રણ વખત હાજર રીપોર્ટ લઈને હાજર થવા આવેલ હતા. એ વાત ખરી છે કે, તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ અરજદારે હાજર રીપોર્ટ આપેલ છે, જે અમો ધ્વારા કોર્ટમાં રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, અરજદાર સામે ઈકો ગાડીના ફ્રોડ બાબતનો આક્ષેપ હતો જેમાં સમાધાન થયેલ જે સમાધાન કરાર નિશાની ૨૦/૨ મા રજુ છે. એ વાત ખરી છે કે, ઈકો ગાડીના વિવાદમાં સામેની વ્યક્તિ બેંક કર્મચારી ન હતી. એ વાત ખરી છે કે,

ઈકો ગાડીના વિવાદમાં રહેલ સામેની વ્યક્તિ બેંકમાં આવીને ઊઘરાણી કરતા હતા તે બાબતે બેંક દ્વારા કોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાયે જણાવે છે કે અમારે અરજદાર વિરૂધ્ધ લેવાના પગલા અમોએ લીધેલ જેથી ફરિયાદ કરવાની રહેતી નથી. સવાલ: અરજદાર સામે તમે શુ પગલા લીધેલ? જવાબ: આ કામમાં અરજદાર સામે ઈન્કવાયરી શરૂ કરીને ચાર્જશીટ આપેલી. એ વાત ખરી છે કે, અરજદારે ઈન્કવાયરીના કામે તેઓ બેંકમાં શા માટે હાજર રહેતા ન હતા તે અંગેનુ કારણ અને પુરાવા રજુ કરેલા છે. એ વાત ખરી છે કે, અરજદારે લીધેલ હોમ લોનના હપ્તા તેની સેલેરી માંથી કપાત થતા હતા. એ વાત ખરી છે કે, કોઈ પણ બેંકના કર્મચારીને લોન ઓછા વ્યાજે મળે છે. એ વાત ખરી છે કે, બેંકના હપ્તા અરજદારના સેલેરી એકાઉન્ટમાં પુરતા નાણા ન હોવાના કારણે બાઉન્સ થયેલ. સાહેદ સ્વેચ્છાયે જણાવે છે, હપ્તા ભરવાની અને પુરતા નાણા રાખવાની જવાબદારી લોન લેનાર વ્યક્તિની હોય છે. એ વાત ખરી નથી કે, બેંકે પગાર નહી ચુકવતા અરજદારના લોનના હપ્તા બાઉન્સ થયેલા. એ વાત ખરી છે કે, જે તે સમયે અરજદારે બેંક સ્ટાફ તરીકે લોન લીધેલી. એ વાત ખરી છે કે, અરજદારની જેમ અન્ય કર્મચારીઓને પણ ટ્રાન્સફર કરેલા છે. **એ વાત ખરી નથી કે, અરજદારને સજાના ભાગ રૂપે રાજકોટ થી કેશોદ ટ્રાન્સફર કરેલા.** એ વાત ખરી છે કે, હાલમાં બેંક મા પટ્ટાવાળા તરીકે અંદાજે ૧૫ થી ૨૦ વ્યક્તિઓ કામ કરે છે. હાલમાં બેંકની ૨૭ શાખાઓ કામ કરે છે. આ ૨૭ શાખામાંથી ૨૬ શાખા ગુજરાતમાં છે અને ૧ શાખા મહારાષ્ટ્રમાં છે. એ વાત ખરી છે કે, અરજદારના ઈકો ગાડીના વિવાદમાં સામેની વ્યક્તિ બેંકમાં આવી અન્ય કર્મચારીઓ પાસેથી ઉઘરાણી કરતા હતા તે બાબતનો સીસીટીવી કુટેજ ઈન્કવાયરીના કામે રજુ કરેલ નથી.

**(૧૪)** આમ, સદર મુદા સબંધે ઉપરોકત પક્ષકારોનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં અરજદાર તેના માંગણા નિવેદન અને પુરાવાના સોગંદનામામાં જણાવે છે કે, સામાવાળાએ તા.૨૨/૫/૨૨ નારોજ તેઓને આરોપનામુ આપેલુ અને જે અન્વયે તેમની સામે ખાતાકીય તપાસ કરવામાં આવેલી. જેમા તેઓએ તેની પત્નીની બિમારીના તમામ પેપર્સ રજુ કરેલ છે અને ખાતાકીય તપાસમાં લાગેલા તમામ આરોપો અને તેને સંલગ્ન દસ્તાવેજો પણ રજુ રાખેલા છે. તેમ છતા તેઓને તેમની ગેરહાજરી સબબ ટ્રાન્સફરની પનીસમેન્ટ આપી એપ્રિલ–૨૨ થી કેશોદ શાખામાં ટ્રાન્સફર કરેલ. તેમ છતા તેમની સામે ખાતાકીય તપાસમાં રજુ કરેલ જવાબોને ખુલાસાને

ધ્યાને લીધા વગર તેમની સામે પુર્વગૃહ રાખી ખાતાકીય તપાસના અંતે તેઓને બરતરફ કરતો હુકમ કરવામાં આવેલ. અરજદારની સદર હકીકત સામે તેની ઉલટતપાસ ધ્યાને લેતા તેમા તેઓ સ્વીકારે છે કે, તેમની ગેરહાજરી રહેતા સંસ્થાએ ચાર્જશીટ આપેલી. તેઓએ બેંકને મોકલેલ જવાબ બેંકને સંતોષકારક ન લાગતા તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરેલી. ખાતાકીય તપાસમાં તેઓ તથા તેમના પ્રતિનિધી હાજર રહેલા અને તેઓની હાજરીમાં તપાસનીશ અધિકારી ધ્વારા તપાસ ચલાવવામાં આવેલી અને તમામ તપાસના કાગળો તેમને પુરા પાડવામાં આવેલા તેઓએ લેખીતમાં કરેલ સરતપાસની ઉલટતપાસ સંસ્થાના પ્રતિનિધી ધ્વારા કરવામાં આવેલી. તપાસ પુર્ણ થયા બાદ લેખીત દલીલ પણ રજુ કરવામાં આવેલ અને તપાસ પુર્ણથતા તારણ રીપોર્ટ સંસ્થા ધ્વારા તેમને મોકલવામાં આવેલ જે તેઓએ વાંચેલ છે. ત્યારબાદ પણ બેંક ધ્વારા સેકન્ડ શો–કોઝ નોટીસ આપવામાં આવેલી તેનો પણ તેઓએ જવાબ આપેલો અને જે જવાબ બેંકને કાયદેસર રીતે યોગ્ય ન લાગતા બેંક ધ્વારા તેમને છુટા કરવાનો હુકમ કરવામાં આવેલ.આમ, અરજદારે સ્વીકારેલ આ તમામ હકીકત સાથે સામાવાળાનો પુરાવો ધ્યાને લેતા તેમા પણ સામાવાળા ધ્વારા આ તમામ હકીકત જણાવવામાં આવેલ છે સાથે જ તેઓ ઉલટતપાસમાં જણાવે છે કે, ''એ વાત ખરી નથી કે, અમે અરજદારને નોકરી સમય દરમ્યાન જેટલી પણ નોટીસ આપેલ છે તે તમામનો જવાબ અરજદારે આપેલ છે. એ વાત ખરી છે કે, મને અરજદારની ગેરવર્તુણક અંગે ખ્યાલ છે. એ વાત ખરી છે કે, અરજદારે અમે માંગેલ તમામ ગેર વર્તુણક અંગેનો ખુલાસો અમને આપેલ છે.'' વધુમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, અરજદાર બે થી ત્રણ વખત હાજર રીપોર્ટ લઈને હાજર થવા આવેલ હતા. એ વાત ખરી છે કે, તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ અરજદારે હાજર રીપોર્ટ આપેલ છે એ વાત ખરી છે કે, અરજદાર સામે ઈકો ગાડીના ફ્રોડ બાબતનો આક્ષેપ હતો જેમાં સમાધાન થયેલ જે સમાધાન કરાર નિશાની ૨૦/૨ મા રજુ છે. એ વાત ખરી છે કે, ઈકો ગાડીના વિવાદમાં સામેની વ્યક્તિ બેંક કર્મચારી ન હતી. એ વાત ખરી છે કે, ઈકો ગાડીના વિવાદમાં રહેલ સામેની વ્યક્તિ બેંકમાં આવીને ઊઘરાણી કરતા હતા તે બાબતે બેંક દ્વારા કોઈ પોલીસ

સ્ટેશનમાં ફરિયાદ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાયે જણાવે છે કે અમારે અરજદાર વિરૂધ્ધ લેવાના પગલા અમોએ લીધેલ જેથી ફરિયાદ કરવાની રહેતી નથી.

**(૧૫)** ઉપરોકત હકીકત ધ્યાને લેતા સદર કામમાં રજુ અરજદારની બેંકની ખાતાકીય તપાસના દસ્તાવેજો વંચાણે લેતાં, અરજદાર ઉપર બેંક ધ્વારા ત્રણ આરોપો મુકી ચાર્જશીટ આપવામાં આવેલુ જે આરોપમાં આરોપ નં.૧ રજા વગર ગેરહાજર રહેવા અંગે. આરોપ નં.૨ નૈતિક અધપતન વાળુ છેતરપિંડીનુ કૃત્ય આચર્યા અંગે. આરોપ નં.૩ ધીરાણના નાણા પરત ચુકવવામાં કસુરદાર અંગે. આ આરોપોમાં આરોપ નં.૨ સબંધે અરજદારનો પુરાવો ધ્યાને લેતા અરજદાર તેની ઉલટતપાસમાં તેઓને ઈકો ગાડી સબંધે પ્રશ્ન કરતા જણાવે છે કે, એ વાતની મને ખબર નથી કે, મારા પરીવારમાં ઈકો નામની ટેકસી છે અને આ સાથે અરજદાર તરફે તેમના વકીલશ્રી ધ્વારા સામાવાળાને આ ઈકો ગાડી સબંધે પ્રશ્ન કરી જવાબ મેળવવા પ્રયત્ન કરવામાં આવેલ છે જેમા સામાવાળા જણાવે છે કે, એ વાત ખરી છે કે, અરજદારના ઈકો ગાડીના વિવાદમાં સામેની વ્યકિત બેંકમાં આવી અન્ય કર્મચારીઓ પાસેથી ઉઘરાણી કરાવતા હતા તે સબંધે સી.સી.ટી.વી. ફુટેઝ ઈન્કવાયરીના કામે રજુ કરેલ નથી કે તે સબંધે કોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ નથી. આમ અરજદારે જ ઈકો ગાડી અન્ય વ્યકિત પાસેથી લીધેલ હોવા છતા અને તેઓની જ ઈકો ગાડી હોવા છતા તેઓ ઉલટતપાસમાં તેઓને ખબર ન હોવાની ખોટી હકીકત જણાવે છે. આ સાથે આરોપ નં.૧ સબંધે પુરાવો ધ્યાને લેતા અરજદાર જણાવે છે કે, તેઓ તા.૬/૧૧/૨૧ થી તા.૨૧/૧૨/૨૦૨૧ દરમ્યાન ૪૬ દિવસ માટે મંજુરી વગર ગેરહાજર રહેલ. જે સબંધે ખુલાસામાં જણાવે છે કે તેઓની લાંબી નોકરી દરમ્યાન તેઓ કયારેય પુર્વમંજુરી વગર કે બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેલ નથી પરંતુ આ સમયગાળા દરમ્યાન તેમની પત્નીને અચાનક છાતીમાં દુખાવો થતા અને હૃદયની તકલીફ થતા તાત્કાલીક સિર્નજી હોસ્પિટલમાં દાખલ કરવા પડેલ તેઓએ આ અંગે મેનેજરશ્રી અશ્વિન કનેરીયાને ટેલીફોનીક જાણ કરી રજા ઉપર ગયેલ. અરજદારના આ ખુલાસા સબંધે ખાતાકીય તપાસના કાગળો સાથે હાલના રેફરન્સમાં મદદનીશ શ્રમઆયુકત સમક્ષ રજુ કરેલ તેમની પત્નીના મેડીકલ સારવારના બીલો વંચાણે લેતાં

તે તમામ બીલો તા.૯/૮/૨૦૨૧, તા.૧૧/૮/૨૦૨૧, તા.૧૬/૮/૨૦૨૧ તથા તા.૨૦/૮/૨૦૨૧ નારોજના છે આ પહેલાના કે જે સમય દરમ્યાન અરજદાર તેની ફરજ ઉપરથી ગેરહાજર રહેલ તે તા.૬/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૨/૨૦૨૧ ના સમયગાળાના એકપણ બીલ રજુ થયેલ નથી કે કોઈપણ ડોકટરનુ સર્ટીફીકેટ પણ રજુ થયેલ નથી. જેથી અરજદારે ખરેખર તેઓની પત્નીના બિમારીના કારણે તા.૬/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૨/૨૦૨૧ ના સમયગાળામાં ફરજ ઉપરથી ગેરહાજર રહેલ તે સામાન્ય: માની શકાય નહી. આ સાથે ખાતાકીય તપાસમાં રજુ સાહેદોની જુબાની ઘ્યાને લેતાં અશ્વિન કે. કનેરીયા તેની સરતપાસ અને ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે, તા.૬/૧૧/૨૧ થી તા.૨૧/૧૨/૨૧ સુધી કોઈપણ પ્રકારની અગાઉથી જાણ કર્યા વગર કે મારી પાસે રજા લીધા વગર ગેરહાજર રહયા છે. ગેરહાજર રહેવા અંગે આ કર્મચારીને ખુલાસો કરવા મે મૌખીક ફોન ઉપર પ્રયત્ન કરેલા પરંતુ તેઓ ફોન ઉપાડતા ન હતા અને જે તે સમયે મળી આવેલ ન હોય અને જાણ થઈ શકેલ નહી. આ સાથે અન્ય સાહેદોને જુબાની પણ ઘ્યાને લેતા ભીષ્મરાજસિંહ ભવતુભાઈ ઝાલાની જુબાનીમાં જણાવે છે કે, જયદિપભાઈ તા.૬/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૨/૨૦૨૧ દરમ્યાન ફરજ પર આવી શકેલ નહી તે બાબતે તેમને રૂબરૂ મળેલ હતા તે વાત ખરી છે. આ સમય દરમ્યાન શા માટે ગેરહાજર રહેલ તે અંગેનો ખુલાસો તેમણે રૂબરૂ આ બાબત અંગે મળેલ ત્યારે કરેલ તે વાત ખરી છે. એ વાત ખરી નથી કે, આ ખુલાસામાં તેમણે તેમના પત્ની બિમાર હતા તે અંગેની મેડીકલ પેપર્સની ફાઈલ તેમને બતાવેલ હતી. અન્ય સાહેદ સચીનભાઈ જર્નાદનભાઈ વ્યાસ પણ તેમની જુબાનીમાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે, આ કર્મચારી કયારેય વગર રજા રીપોર્ટે ગેરહાજર રહેલ નથી. વધુ સાહેદ જુલીબેન નિરવભાઈ સાવલીયા પણ તેમની જુબાનીમાં જણાવે છે કે, આ કર્મચારીને આ ચાર્જશીટ સિવાય અન્ય કોઈ ચાર્જશીટ મેમો અપાયેલ નથી પરંતુ તેઓ વારંવાર ગેરહાજર રહેતા જ હતા. એ વાત ખરી નથી કે, આ કર્મચારીએ તા.૬/૧૧/૨૧ થી તા.૨૧/૧૨/૨૧ સુધી ગેરહાજર રહેવાનુ જણાવેલ છે તે સમય દરમ્યાન તેઓ એચ.આર મેનેજરશ્રીને મળતા રહેતા હતા આ ગેરહાજરીના સમયગાળા દરમ્યાન આ

કર્મચારીના પત્નીને બિમારી સબબ હોસ્પિટલમાં દાખલ કરેલ હતા તેની જાણ તે વખતે તેમને બેંકને કરેલ ન હતી. આમ ખાતાકીય તપાસના દસ્તાવેજી પુરાવા સાથે હાલના રેફરન્સમાં રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતા અરજદાર તેમની પત્નીના બિમારીના કારણોસર વગર રજા રીપોર્ટે ગેરહાજર રહેલ તે હકીકત અરજદાર પ્રથમથી જ ખોટી જણાવતા હોવાનુ માનવાને કારણ રહે છે. આ સાથે અરજદાર એ અન્ય વ્યકિત પાસેથી ઈકો ગાડી લઈ તેના લોનના હપ્તા નહી ભરી છેતરપિંડી કર્યાની ફરીયાદ તેઓની વિરૂઘ્ધ દાખલ થઈ ત્યારબાદ તેઓએ તેમની સાથે સમાધાન કરેલ છે અને આ સિવાય તમામ રેકર્ડ હકીકત ઘ્યાને લેતા અરજદાર વારંવાર તેની ફરજ ઉપર ગેરહાજર રહેતા હોવાનુ પુરાવાના આધારે માની શકાય છે જેમા ખાતાકીય તપાસમાં રજુ થયેલ ગેરહાજરી અંગેનુ પત્રક વંચાણે લેતા અરજદાર ઘ્વારા એપ્રિલ–૨૧ થી માર્ચ–૨૨ સુધી દરેક માસમાં પોતાની ગેરહાજરી નોંધાવેલ છે આ સાથે તેઓને ગેરહાજરી સબબ પુછવામાં આવેલ ખુલાસો અને હાજર રીપોર્ટ આપી હાજર થવા જણાવેલ આસીસ્ટન્ટ જનરલ મેનેજર અને સી.ઈ.ઓના પત્રનો ખુલાસો પણ તેઓએ કરેલ છે પરંતુ તે પત્રમાં જણાવેલ રૂબરૂ હાજર રહેવા જણાવેલ તે રીતે જાતે હાજર રહી હાજર રીપોર્ટ આપેલ નથી જેથી પણ તેમના સી.ઈ.ઓ. ઘ્વારા તેમનો ખુલાસો ગ્રાહય રાખવામાં આવેલ નથી. આ તમામ હકીકત સાથે જયારે ખાતાકીય તપાસ અરજદારની અને અરજદારના પ્રતિનિધીની હાજરીમાં વિસ્તાર પુર્વક કરવામાં આવેલ છે તેમાં હાલના રેફરન્સમાં સામાવાળાના વકીલશ્રી જ તે સમયે તેમના ઈન્કવાયરી ઓફીસર હોવાથી ઈન્કવાયરી રદબાતલ ઠરતી નથી. જેથી આ સબંધે અરજદારની દલીલ પણ માની શકાય નહી કે જયારે સ્વંય અરજદાર પોતાની હકીકત વિરૂઘ્ધની ખોટી હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલ છે અને તેઓને પુરતી, યોગ્ય અને વ્યાજબી તકો આપેલ હોવા છતા તેઓ તેમની ગેરહાજરી સબબનુ કારણ પુરવાર કરી શકેલ ન હોય અને અન્ય આરોપો સબબ પણ તેઓ કસુરવાર ઠરતા હોય તેની સામે કરેલ ખાતાકીય તપાસ અને તેના તારણ અત્રેની કોર્ટ ઘ્વારા વંચાણે લેતા ન્યાયીક અને વ્યાજબી હોવાનુ માનવાને કારણ રહે છે. આ ઉપરાંત અરજદારને પ્રથમ કેશોદ ટ્રાન્સફર કરેલા અને ત્યારબાદ તેઓને ફરી શો–કોઝ નોટીસ આપેલ જે નોટીસના

જવાબમાં તેઓ સંતોષકારક ન જણાતા તેઓની સામે કાયદાકીય રીતે ખાતાકીય તપાસ ચલાવી પુર્ણ કરી તેઓને નોકરીમાંથી બરતરફ કરેલ હોય તે પગલુ યોગ્ય અને ન્યાયીક હોવાનુ માનવાને કારણ રહે છે. આ સાથે અરજદાર તરફે દલીલ અને રજુ થયેલ ચુકાદાની હાલના કેસની હકીકત સાથે અરજદારને મદદરૂપ નહી થતા હોવાનુ માનવાને કારણ રહે છે. જયારે સામાવાળાઓ તરફે રજુ થયેલ નામ.સર્વોચ્ચ અદાલતના અલગ અલગ ચુકાદાઓને માનભેર વંચાણે લેતાં, તે સામાવાળાઓને હાલના કેસની હકીકત સાથે મદદરૂપ થતા હોવાનુ માનવામાં આવે છે. આમ, ઉપરોકત તમામ ચર્ચા અને પુરાવાને આધારે મુદા નં.૧ પુરવાર કરવામાં અરજદાર નિષ્ફળ નિવડેલ હોય જેથી **મુદા નં.૧** નો જવાબ '**નકારમાં**' આપવામાં આવે છે.

(૧૬) **મુદા નં.ર :–**

સદર મુદા સબંધે ઉપરોકત મુદા નં.૧ માં કરેલ વિસ્તૃત ચર્ચાના જવાબના આધારે મુદા નં .ર ની ચર્ચા કરવી નિરર્થક બની રહે છે તેમ છતા સદર પુરાવો ઘ્યાને લેતાં, નોકર માલીકના સંબંધો સામે કોઈ તકરાર નથી પરંતુ અરજદાર તેની ફરજ પર ૪૬ દિવસ તેમની પત્નીના બિમારીના કારણે ગેરહાજર રહેલ છે તે પણ પુરાવાના આધારે માની શકાતુ નથી. જેથી **મુદા નં.ર** નો જવાબ '**નકારમાં**' આપવામાં આવે છે.

**(૧૭)** આમ, ઉપરોકત મુદા નં.૧ અને મુદા નં.ર ની ચર્ચા અને જવાબને આધારે **મુદા નં.૩** નો જવાબ નીચે આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

**–:: આખરી હુકમ::–**

(૧) આથી અરજદારનો હાલનો રેફરન્સ કેસ **નામંજુર** કરવામાં આવે છે.

(ર) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

જુનાગઢ.
તા.૧૮/૦૩/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ. (જી.જે.૦૧૪૨૪)

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH